**ફોજદારી કેસ . નં. 2392-2019 ના કામે આંક–૧ લગત હુકમ**

---

પ્રસ્તુત કામે ચાર્જશીટ તથા તે સાથેના પોલીસ પેપર્સ ધ્યાને લીધા. હાલના કેસમાં તપાસ કરનાર અધિકારીએ એફ.આઈ.આર.ના આધારે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૧૮૮ મુજબનો ગુનો દાખલ કરી ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ જે મુજબ આરોપીઓએ કમિશ્નરના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ–૧૮૮ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. ક્રિમી. પ્રો.કોડની કલમ–૧૯૫ ધ્યાનમાં લેવામાં આવે તો તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે, રાજય સેવક ની લેખીત ફરીયાદ સિવાય અદાલત ઈ.પી.કો.કલમ–૧૭૨ થી ૧૮૮ ના ગુનામાં કોગ્નીજન્સ લઈ શકે નહી. નામદાર સુપ્રિમ કોર્ટે દોલતરામ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ( એ.આઈ.આર. ૧૯૬૨ પેજ નં.૧૨૯૬) માં જણાવેલ છે કે, Complaint must be in writing by the public servant concerned and if there is no compliance of this section then the trial was without jurisdiction and the conviction can not be maintained.જયારે નામદાર ગુજરાત હાઈકોર્ટે કાનજીભાઈ વિરુધ્ધ સ્ટેટ (ક્રિમી.મીસી. એપ્લી. ૩૪૮/૧૯૯૫ ) માં પ્રતિપાદીત કરેલ છે કે, In view of the provisions of sub-section(1) of section-195, which expressly bars taking of cognizance of an offence under sction-188 expect as provided thereunder, read with section-2(d) of the Code, it was not permissible for the learned judicial Magistrate First Class to take cognizance of the offence in question on the basis of a charge-shee filed pursuant to the first information report lodged by the respondent No.2 In the light of the provisions of section 195(1)(a) the Court could not have taken cognizance of the offence under section 188 IPC except on a complaint in writing by the public servant concerned or some other public servant to whom he is administatively subordinate. આમ ઉપરોકત ચુકાદા ધ્યાને લેતાં હાલના કેસની હકીકત જોવામાં આવે તો પ્રસ્તુત કેસમાં રાજયસેવક અધિકારી ધ્વારા ફરીયાદ કરવામાં આવેલ નથી પરંતુ ઈ.પી.કો.કલમ–૧૮૮ નું ચાર્જશીટ કરવામાં આવેલ છે જેથી ક્રિમી.પ્રો.કોડની કલમ–૧૯૫(૧) અન્વયે સદરહું ગુનામાં રાજયસેવકની લેખીત ફરીયાદ ન હોય કોગ્નીજન્સ લેવાની સત્તા રહેતી નથી. આ સંજોગોમાં કેસના ગુણદોષમાં ગયા વગર સદરહું કેસ આરોપી વિરુધ્ધનું પ્રોસીડીંગ્સ ડ્રોપ કરવામાં આવે છે અને કેસ ફેંસલ કરવામાં આવે છે. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બીન–કિમતી મુદ્દામાલ કે કિમતી મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૯/3/૨૦૧૯

બીજા એડી.જયુડી.મેજી.ફ.ક.
મીરઝાપુર,અમદાવાદ(ગ્રા)